વાદળો હટ્યા, ઉઘાડ નીકળતાં પ્રજા-ખેડૂતોને રાહત

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બરફીલા પવનથી જનજીવન ઠુઠવાયું : ઠંડીના પ્રકોપથી પ્રજા મોડે સુધી ઘરમાં પુરાઈ રહી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ કમોસમી માવઠા પછી શુક્રવારે સવારે વાદળો હટ્યા અને ઉઘાડ નીકળતાં પ્રજા-ખેડૂતોને રાહત થઈ છે. દિવસ દરમ્યાન સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં બરફીલા પવનથી જનજીવન ઠુઠવાયેલું જોવા મળ્યું. ઠંડીના પ્રકોપથી પ્રજા મોડે સુધી ઘરમાં પુરાઈ રહી હતી. જ્યારે કેટલાંક લોકો તાપણાંના સહારે જોવા મળ્યા. જિલ્લામાંથી વાદળો હટતાં લગ્નના અવસરો આયોજીત થયા છે તેવા પરીવારોની ચિંતા હળવી કરી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

ભરશિયાળે ઠંડીના ચમકારા વચ્ચે એકાએક ચોમાસું જામ્યું હોય તે રીતે સાઠંબાથી પોશીન સુધી વિસ્તારમાં કમોસમી માવઠાએ ખેતી અને પ્રજાના આરોગ્યને સંકટમાં લાવી દીધુ હતું. કાતિલ ઠંડીનો રાઉન્ડ શરૂ થતાં ખેડૂતો રવિ વાવણી માટે તૈયાર થયા પરંતુ અરબી સમુદ્રમાં સર્જાયેલા ડિપ ડિપ્રેસનના કારણે રાજ્ય સહિત સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠાનો માર જોવા મળ્યો. ૩ થી ૮ મીમી

કમોસમી વરસાદના કારણે જાણે કે શિયાળો ભુલાયો અને ચોમાસુ શરૂ થયું હોય તેવી સ્થિતિ જોવા મળી. જિલ્લાના ધનસુરા, બાયડ, મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, વિજયનગર તાલુકામાં પવનના સુસવાટા સાથે કમોસમી માવઠું વરસતાં કેટલાંક ખેડુતો પાયમાલ થયા હતા.

જ્યારે હવામાન વિભાગે બંગાળની ખાડીમાં ઉદભવેલા વાવાઝોડાની આગાહી કરતાં ફરી એકવાર ઉત્તર ગુજરાતની પ્રજા અને ખેડૂતો ચિંતિત જણાયા. જોકે આગામી બે દિવસ દરમ્યાન પવનનું જોર રહેવાની સંભાવના છે પરંતુ માવઠું વરસવાની શક્યતા નહિવત હોવાથી ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. માવઠા પછી લાંબા સમય સુધી વાદળો ઘેરાયેલાં રહે તો પાકમાં રોગચાળો વકરવાની દહેશત સેવાય છે. જિલ્લામાં માવઠાથી થયેલા નુકસાન અંગે ખેતી વિભાગ દ્વારા સર્વે શરૂ કરવામાં આવ્યો છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થતાં વિકાસના કામોને ગ્રહણ

ગંભીર ફરિયાદો છે તેવા સરપંચોને સવા મહિના સુધી રાહતનો દમ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ સાબરકાંઠા-અરવલ્જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોમાં તા.૧૯ ડિસેમ્બરે ચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર થતાંની સાથે જ જિલ્લામાં આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. તમામ તાલુકાઓમાં ગ્રામ પંચાયતોની અધિકાંશ ચૂંટણીઓ હોવાથી હવે આચારસંહિતાના પગલે સવા મહિના સુધી વિકાસના કામો ઠપ્પ થઈ જતાં કેટલાય કોન્ટ્રાક્ટરો મોં વકાશી રહ્યા છે. જ્યારે જે સરપંચો સામે ગંભીર આક્ષેપો હતા અને ૫૭(૧) મુજબ હોદ્દા ઉપરથી દૂર કરવાની નોટીસો આપવામાં આવી હતી તેવા સરપંચોની વિદાય સવા મહિના સુધી ચૂંટણી આચારસંહિતાના પગલે પાછી ઠેલાતાં તલવારની ધાર ઉપર ચાલતા અનેક સરપંચોને સવા મહિના સુધી રાહતનો દમ મળ્યાનું જાણવા મળેલ છે.

ગમે તેવી નાની-મોટી ચૂંટણીઓ હોય કે પેટા ચૂંટણીઓ હોય ત્યારે ચૂંટણી અંગેનો કાર્યક્રમ જાહેર થતાં જ કડક આચાર સંહિતા લાગુ પડી જતી હોય છે. જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ જાહેર થતાં જિલ્લામાં કર્મચારીઓની બદલી, બઢતી તથા શિક્ષાત્મક પગલાં ઉપર હાલ બ્રેક વાગી ગઈ છે તેમજ વિકાસના કામો ઉપર પણ બ્રેક આવી જતાં એક મહિનામાં જિલ્લામાં કરોડોના વિકાસ કામો ઠપ્પ થઈ જવાથી કેટલાય શ્રમજીવીઓ બેરોજગાર બની જશે. જ્યારે ચૂંટણી આચાર સંહિતાના પગલે સી. સી. રોડ, આવાસ બાંધકામ, નાનાં-મોટાં પૂલિયાંના કામો ઉપર બ્રેક વાગી જવાથી તેની સીધી અસર બજારોમાં વર્તાશે અને સિમેન્ટ, રેતી, લોખંડના વેચાણમાં ઘટાડો થશે. ટૂંકમાં જિલ્લામાં ચૂંટણી આચાર સંહિતાએ વિકાસના કામોને બ્રેક લગાવી દેતાં જિલ્લામાં સવા મહિના સુધી પંચાયતી રાજમાં મંદી જેવો માહોલ જોવા મળશે. જિલ્લાના ૨૫ થી વધુ સરપંચો સામે થયેલા ગંભીર આક્ષેપોની હાલ તપાસ ચાલી રહી છે. કેટલાક સરપંચો સામે કાર્યવાહી થવાની તૈયારી હતી ત્યારે જ ચૂંટણી આચાર સંહિતા અમલમાં આવતાં હવે અનેક સરપંચોને સવા મહિના સુધી નવું જીવતદાન મળ્યાનું જરૂર કહી શકાય. વિકાસના કામો ઉપર બ્રેક વાગી જવાથી કેટલાય કર્મચારીઓની બેનંબરી આવક ઉપર પણ મોટો ફટકો પડશે તેવું જણાઈ રહ્યું છે.

વિજયનગરમાં વાવાઝોડા સાથે માવઠું થતાં પપૈયાના પાકને નુકસાન

બાયડ, તા. ૩ હવામાન પલ્ટાવ પછી વિજયનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડા સાથે માવઠું થતાં પપૈયા સહિત બાગાયત પાકને નુકસાન પહોંચ્યું છે. ડુંગરીકંપામાં વાવાઝોડાએ ૧૬ વિઘામાં વાવેતર કરેલ પપૈયાના પાકનો સોથ વાળી દીધો છે. ખેડૂતને રૂ. ૧૫ લાખથી વધુનું નુકસાન પહોંચ્યાની સંભાવના છે. અરબી સમુદ્રમાં સર્જાયેલા ડીપ ડીપ્રેશનની ગુજરાત ઉપર અસર વર્તાતા છેલ્લા ૩ દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસી રહ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં સતત બીજા દિવસે કમોસમી માવઠાના કારણે ખેતીને નુકસાન થવાની આશંકા છે.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાના આરંભે બળતણના લાકડાંના ભાવ વધ્યા

મણ દીઠ બળતણમાં રૂા.૫નો વધારો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં શિયાળાના આરંભ સાથે બળતણના લાકડાંની માંગમાં વધારો થવાની સાથે ભાવ પણ વધ્યા છે. જિલ્લામાં કેરોસીનના કકળાટ વચ્ચે અનેક પરિવારોમાં ભોજન બનાવવા માટે સૂકા બળતણનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે હવે અગાઉ રૂા.૭૫માં એક મણ મળતું બળતણ પણ મોંઘવારીના ઘોડીયામાં પોઢ્યું હોય તેમ મણ દીઠ રૂા. ૫ નો વધારો થતાં ગરીબ પરિવારો માટે બળતણની મોંઘવારી અસહ્ય થઈ ગઈ છે અને કાતિલ ઠંડીમાં ઠંડા પાણીએ સ્નાન કરવું પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

જિલ્લામાં ગરીબ પરિવારોના રેશનીંગનો જથ્થો સમયસર તેમને મળતો ન હોવાની વ્યાપક ફરિયાદો છેલ્લા કેટલાક સમયથી ઉઠવા પામી છે અને તેમાંય કેરોસીનનો જથ્થો બારોબાર પગ કરી જતો હોવાથી ગરીબ પરિવારોમાં કેરોસીનનો કકળાટ સામાન્ય બાબત બની રહી છે જેથી મોટા ભાગના પરિવારોમાં આજે પણ રસોઈ બનાવવાથી માંડી ન્હાવાનું પાણી ગરમ કરવા માટે પણ બળતણના લાકડાંનો વધુ ઉપયોગ થઈ રહ્યો છે. જિલ્લામાં મધ્યમ વર્ગના પરિવારોને ત્યાં રાંધણ ગેસ પહોંચી ગયા છે પરંતુ ગરીબ પરિવારોને તો ચૂલો ફૂંકીને જ રસોઈ બનાવવી પડતી હોય છે જેથી મહિનાની આવકનો કેટલોક હિસ્સો તો બળતણનું લાકડું ખરીદવામાં વપરાઈ જતો હોય છે. જિલ્લામાં શિયાળાની ફૂલગુલાબી ઠંડી હમણાં જ અનુભવાઈ રહી છે ત્યાં સૂકા બળતણના લાકડાંમાં ભાવ વધારો થઈ જતાં ગરીબ પરિવારોના ખિસ્સા ઉપર વધુ બોજ પડ્યો છે. જિલ્લામાં શિયાળાના આરંભ સાથે તમામ વિસ્તારોમાં બળતણનાં લાકડાંની માંગ એકાએક વધી ગઈ છે અને તેની સાથે બળતણના લાકડાંના ભાવમાં રૂા.૫નો વધારો થયાનું જાણવા મળેલ છે. આગામી દિવસોમાં પણ બળતણના લાકડામાં વધુ રૂા.૫ નો વધારો થશે તેવું બળતણનું લાકડું વેચનારાઓના મુખેથી સંભળાઈ રહ્યું છે.

ભાજપ વિકાસની રાજનીતિમાં માને છે : સંગઠન પ્રમુખ

અરવલ્લી જિલ્લામાં આખરે ૮ વર્ષ પછી સિવિલ હોસ્પિટલનું સ્વપ્ન સાકાર થયું છે. રાજ્ય સરકારે સિવિલ હોસ્પિટલ માટે રૂા.૧૨૧ કરોડની

ગ્રાન્ટ આપી સરકાર અરવલ્લી જિલ્લાના પ્રજાના આરોગ્યની તકેદારી રાખતી હોવાનું સ્પષ્ટ થયું છે. ભાજપ માત્ર વિકાસની રાજનીતિમાં માને છે. કોંગ્રેસ હોય કે વિરોધીઓ તેમને માત્ર થુંક ઉડાડવા સિવાય કશું કર્યું નથી. જિલ્લા ભાજપ સંગઠને અરવલ્લીમાં સિવિલ હોસ્પિટલમાટે માતબર ગ્રાન્ટ ફાળવવા બદલ રાજ્ય સરકાર અને મુખ્યમંત્રી, આરોગ્ય મંત્રી તેમજ પ્રદેશ પ્રમુખનો આભાર માન્યો હતો.

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે રેલી સહિતના કાર્યક્રમો આયોજીત કરાયા

બાયડમાં પણ રેલીનું આયોજન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ તા.૧ ડિસેમ્બરને વિશ્વ એઈડ્સ દિન તરીકે ઉજવવામાં આવે છે. એઈડ્સને નાથવો નામૂમકીન છે. માત્ર જાગૃતતા લાવીને જ આ મહારોગ ઉપર અંકુશ લાવી શકાય છે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે આરોગ્ય તંત્ર અને એન.જી.ઓ. સંસ્થા દ્વારા રેલીઓ સહિત પરીસંવાદનું આયોજન કરાયું હતું એઈડ્સના દર્દી જાહેર કરાયા હોય તેમના અને પરિવારજનો સાથે આજે પણ અનેક વિસ્તારોમાં અનુચિત વર્તાવ થતો હોવાનું જાણવા મળેલ છે. ત્યારે એઈડ્સ અંગે જાગૃતિ આપવા માટે કરોડોનો ખર્ચ કરવામાં આવે છે છતાં તેનો કોઈ યોગ્ય અર્થ સરતો નથી અને આવી ગ્રાન્ટોનો દુરૂપયોગ થઈ રહ્યો છે ત્યારે સરકારે એઈડ્સ જાગૃતિના અભિયાનને એન.જી. ઓ. ના હાથમાં સુપ્રત કરવું જોઈએ તેવો લોકમત સાંભળવા મળી રહ્યો છે. બાયડમાં પણ આરોગ્ય વિભાગ તેમજ વાત્રક

નર્સિંગ કોલેજના છાત્રોની ઉપસ્થિતિમાં એઈડ્સ દિન નિમિત્તે વિશાળ રેલીનું આયોજન કરાયું હતું.

જિલ્લામાં એચ.આઈ. વી.ના દર્દીઓની સંખ્યામાં ભયજનક રીતે વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠાના મોટા ઔદ્યોગિક એકમો કામ કરતા શ્રમજીવીઓમાં તેમજ ટ્રક ડ્રાઈવરોમાં એઈડ્સનું પ્રમાણ વધુ હોવાની ગંભીર ઘટના આજથી ૩ વર્ષ પહેલાં પ્રકાશમાં આવી ત્યારે જિલ્લાનું આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું હતું. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૨૫૦૦થી વધુ એઈડ્સના દર્દીઓ હોવાનું કહેવાય છે પરંતુ વાસ્તવિક રીતે આ આંકડો ૪ ગણો હોવાની શક્યતા ખાનગી તબીબોના અવલોકન ઉપરથી જણાઈ આવ્યું છે. એચ.આઈ.વી. ઝડપથી પ્રસરતો રોગ હોવા છતાં તે જીવલેણ નથી. જેથી આ માટે એકમાત્ર જનજાગૃતતા સિવાય સભ્ય સમાજ પાસે બીજો કોઈ ઈલાજ રહ્યો નથી. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.કનોરીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ બ્લોકમાં એઈડ્સ જાગૃતિ રેલીનું આયોજન કરાયું હતું.

આખરે અરવલ્લીમાં સિવિલ હોસ્પીટલનું સ્વપ્ન સાકાર, ૧૨૧ કરોડ મંજુર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલ ક્યારે..? આ મુદ્દે કોંગ્રેસે અનેક ખેલ કર્યા પરંતુ ભાજપ સંગઠનની મહેનત આખરે રંગ લાવી. અરવલ્લીના મોડાસામાં શામળાજી રોડ ઉપર રૂા.૧૨૧ કરોડના ખર્ચે ૨૦૦ બેડની હોસ્પિટલ આકાર પામશે. અદ્યતન સિવિલ હોસ્પિટલ માટે ગ્રાન્ટ ફળવાતાં કોંગ્રેસની મોહું સિવાયું છે. મોડાસામાં સરકારી સિવિલ હોસ્પિટલના નિર્માણ સાથે જ અરવલ્લી જિલ્લો જિલ્લામાં પ્રજાને અદ્યતન મેડિકલ સારવાર મળવાની શરૂઆત થશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર નવરચિત અરવલ્લી જિલ્લામાં સિવિલ હોસ્પિટલ માટે જમીન ફાળવવાથી માંડી ગ્રાન્ટ મુદ્દે થતા વિલંબથી અનેક અટકળો ચાલતી હતી. કોંગ્રેસએ મોંઘવારીના મુદ્દા સમયે જિલ્લામાં સિવિલ હોસ્પિટલના મુદ્દાને રાજકીય મુદ્દો બનાવી ચર્ચાના છોગાણે ચઢાવ્યો હતો. જિલ્લામાં ઝડપથી સિવિલ હોસ્પિટલ માટે જમીન અને ગ્રાન્ટ ફળવાય તે માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, પ્રભારી મંત્રી તેમજ સંગઠન ટીમે સરકાર અને આરોગ્ય વિભાગ સમક્ષ યોગ્ય રજુઆત પછી જમીન એક્વાયર કરવામાં આવી અને ત્યાર બાદ રૂા.૧૨૧ કરોડની ગ્રાન્ટ ફળવાતાં અરવલ્લીનું સિવિલ હોસ્પિટલનું સ્વપ્ન આગામી દિવસોમાં સાકાર થશે. પ્રધાનમંત્રીએ દરેક જિલ્લામાં આયુર્વેદિક હોસ્પિટલ હોવી જોઈએ તેવો વિચાર વ્યકત કર્યો હતો તે વિચારને પણ સરકાર અને જિલ્લા ભાજપ સંગઠને પરીપૂર્ણ કરવાનો નિર્ણય કર્યો હોય તે રીતે રૂા.૭ કરોડના ખર્ચે આયુર્વેદિક હોસ્પિટલ બનાવવાનો માર્ગ સરળ થયો છે. વહિવટી મંજૂરી મળ્યા પછી ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. જિલ્લામાં બક્ષીપંચ અને આદિવાસી સમાજની વધુ વસ્તી હોવાથી સિવિલ હોસ્પિટલનો ગરીબ પરીવારોને આવનારા વર્ષોમાં મહત્તમ લાભ મળશે.

રાત્રે ડેપોમાં અંધારાના કારણે મહિલા મુસાફરો અસલામત

મોડાસાના હંગામી ડેપોમાં તસ્કરોના કાયમી ધામાં : મુસાફરોના પર્સ, મોબાઈલ ચોરાઈ જવાની ઘટનાઓ

બાયડ, તા. ૨ મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં તસ્કરોએ કાયમી ધામા નાખ્યા છે. મુસાફરોના પર્સ તેમજ મોબાઈલ ફોન ચોરાઈ જવાની ઘટનાઓ વધી છે. ખાસ કરીને રાત્રે એસ.ટી. ડેપોમાં પૂરતી સ્ટ્રીટ લાઈટી ઝળહળતી ન હોવાના કારણે મહિલા મુસાફરો અસલામત બની છે. વારંવાર તસ્કરીના બનાવો છતાં એસ.ટી. ડેપોના જવાબદારીથી માંડી પોલીસ ગંભીર બની નથી જેથી તસ્કરોને છૂટો દોર મળ્યાનો બળાપો મુસાફરો વ્યક્ત કરી રહ્યા છે.

હંમેશાં વિવાદમાં રહેતા હંગામી ડેપોમાં રોજ અસંખ્ય મુસાફરોની અવર જવર રહેતી હોવા છતાં પોલીસ ક્યાંય જોવા મળતી નથી. માત્ર એસ.ટી. બસમાં દારૂની હેરાફેરીની બાતમી મળે ત્યારે પોલીસ ડેપોમાં પ્રગટ થઈ ફરતી જોવા મળે છે. બાકીના સમયમાં સુરક્ષાના નામે મીંડુ હોવાથી મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં તસ્કરોને મોકળુ મેદાન મળી ગયું છે. ૨ દિવસમાં જ ૨ મુસાફરોના મોબાઈલ ફોન તેમજ રૂ. ૨૦ હજારની રોકડ સાથેના મહિલા મુસાફરનું પર્સ ચોરાયાની ઘટનાઓ બની હોવા છતાં સુરક્ષામાં અનેક છીંડાં જોવા મળી રહ્યાં છે. હંગામી ધોરણે શરૂ કરવામાં આવેલા ડેપોમાં વહીવટ અને મુસાફરોની સલામતી પણ હંગામી ધોરણે રાખવામાં આવી હોય તેવી સ્થિતી જોવા મળી રહી છે.

રાત્રે ડેપોમાં અપૂરતી સ્ટ્રીટ લાઈટના કારણે એસ.ટી. ડેપોમાં આવતા મુસાફરી સાથે મહિલા મુસાફરોની સુરક્ષા સામે સવાલ ઉભા થયા છે. વારંવાર મુસાફરોના કિંમતી સામાનની ચોરીના બનાવ છતાં ડેપોના જવાબદારી તો ઠીક પરંતુ પોલીસ પણ આ મુદ્દે બેદરકાર બની રહી છે.

પોલીસનું ધ્યાન દોર્યું છે : ડેપો મેનેજર

મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં તસ્કરીના બનાવો વધી ગયા છે. મોડાસા એસ.ટી. ડેપો મેનેજર હર્ષદ પટેલે જણાવ્યું કે તસ્કરોનો ઉપદ્રવ નાથવા માટે અમે પોલીસને લેખિત ધ્યાન દોર્યું છે. ફળવાયેલા પોલીસ પોઈન્ટ ઉપર ૨ કર્મચારીઓ કાયમી ધોરણે હાજર રહે તે માટે કહેવામાં આવ્યું, સાથે કાયદો વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસની છે તેમ કહી પોતાનો ગાળીયો કાઢી નાખ્યો હતો.

જિલ્લામાં વેગ પકડતો પશુપાલન વ્યવસાય બે જિલ્લામાં પશુઓની સંખ્યા ૧૯ લાખ

પશુઓની સંખ્યા વધી પરંતુ મોટા ભાગના પશુ દવાખાના ખંડેર હાલતમાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩ આજના આધુનિક યુગમાં શિક્ષણ થકી સૌ કોઈ સરકારી નોકરી ઝંખતા હોય છે. પરંતુ આખરે નોકરી ન મળે ત્યારે સૌ કોઈ ખેતી અથવા પશુપાલનના વ્યવસાયમાં ઝંપલાવતા હોય છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ખેતી સાથે હવે પશુપાલનના વ્યવસાયે વેગ પકડ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. આ બંન્ને જિલ્લાઓમાં પશુઓની સંખ્યા ૧૯ લાખ સુધી પહોંચી ગઈ છે. પશુપાલન વ્યવસાય વિસ્તરતો જતો હોવા છતાં પશુઓની સારવાર થાય છે તેવાં પશુ દવાખાનાં મોટા ભાગે ખંડેર હાલતમાં જોવા મળી રહ્યાં છે. પશુપાલન વિભાગે બંન્ને જિલ્લામાં પશુઓની સારવાર માટે વધુ પશુ દવાખાનાં શરૂ કરવાં જોઈએ તેવો મત પશુપાલકોમાંથી ઉઠવા પામ્યો છે.

રાજ્ય સરકાર ખેતીના વ્યવસાયને પ્રોત્સાહન પુરૂ પાડે છે તેમ પશુપાલન વ્યવસાયમાં પણ પશુપાલકોનો રસ જાગે તે રીતે દૂધાળા પશુઓ સરકારી સહાયથી પૂરા પાડવામાં આવતા હોય છે. જિલ્લામાં કૃષિ મહોત્સવના માધ્યમથી પશુઓને સમયાંતરે રસીકરણ કરી રોગચાળાથી બચાવવાના પ્રયાસો થતાં પશુપાલન વ્યવસાયમાં સૌ કોઈને રસ જાગ્યો છે. જિલ્લામાં શિક્ષિત બેરોજગારોથી મોંડી મહિલાઓએ પણ પશુપાલન વ્યવસાયમાં ભારે નામના મેળવી છે.

બંન્ને જિલ્લાઓમાં ખેતી પછી પશુપાલન વ્યવસાય અવ્વલ નંબરે રહ્યો છે જેમાં બંન્ને જિલ્લાઓમાં પશુઓની સંખ્યા ૧૯ લાખ સુધી પહોંચી ગઈ છે. જિલ્લામાં પશુપાલન વ્યવસાય વધ્યો છે પરંતુ પશુઓની સારવાર કરનારા પશુ દવાખાનાં ખંડેર હાલતમાં ફેરવાઈ જવાની સાથે પશુ ચિકિત્સકોની અપર્યાપ્ત સંખ્યાથી ન છૂટકે ખાનગી પશુ તબીબોને સારવાર માટે બોલાવવાની પશુપાલકોને ફરજ પડી રહી છે. જિલ્લામાં દૂધાળા પશુઓની સંખ્યામાં સૌથી મોટો વધારો થાય છે પરંતુ ઉંટ અને ગધેડા જેવા ભારવાહક પશુઓની સંખ્યા ઝૂઝ જોવા મળી રહી છે. રાજ્ય સરકારનો પશુપાલન વિભાગ જિલ્લામાં વિસ્તરેલા પશુપાલન વ્યવસાયને ધ્યાનમાં રાખી નવા પશુ દવાખાનાઓ શરૂ કરાવે તો હજુ પણ આ ક્ષેત્ર વધુ વેગ પકડશે તેવું પશુપાલકો માની રહ્યા છે.

બંન્ને જિલ્લામાં માત્ર ૮૦૦ ઘોડા : ઘોડા ઉછેરને પ્રોત્સાહન જરૂરી

જિલ્લામાં પશુપાલન વ્યવસાય રોજ વિસ્તરતો જાય છે છતાં પશુઓની સારવાર માટેનાં દવાખાનાઓમાં અપર્યાપ્ત સુવિધાઓ જોવા મળી રહી છે. દૂધાળા પશુઓની સંખ્યા વધી રહી છે પરંતુ લગ્ન પ્રસંગો તેમજ શુભ પ્રસંગોમાં ઉપયોગ કરાતા ઘોડાઓની સંખ્યા માત્ર ૮૦૫ નોંધાઈ છે. જિલ્લામાં ઘોડાઓની ઓછી સંખ્યાને ધ્યાનમાં રાખી પશુપાલન વિભાગે બંન્ને જિલ્લાઓમાં ઘોડા ઉછેરને પ્રોત્સાહન આપવું રહ્યું.